# વટવા ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન

પ્લોટ નં. ૫૧૧, ફેઝ-૪, જી.આઈ.ડી.સી. એસ્ટેટ, વટવા, અમદાવાદ-૩૮૨ ૪૪૫.
ફોન : ૨૫૮૩૩૪૯૬, ૨૫૮૯૦૯૬૧ ● ફેક્સ : (૦૭૯) ૨૫૮૩૪૫૬૧
**E-mail : info@vatvaassociation.org**


**વીઆઈએ/૨૦૧૨-૧૩/૧૯/૨૮૮** **તા. : ૧૦-૧૧-૨૦૧૨**

## હેલ્થ લાઈસન્સ અંગે પરિપત્ર

સભ્યશ્રીઓ,

આપશ્રી સુવિદિત છે કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી અગાઉ BPMC હેલ્થ લાઈસન્સ મેળવવા માટે BU પરમીશન વગર હેલ્થ લાઈસન્સ મળી શકતા ન હતા. પરંતુ નવા નિયમ મુજબ BU પરમીશન વગર BPMC હેલ્થ લાઈસન્સ મળે તેવી વ્યવસ્થા કરવામાં આવેલ છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની પૂર્વ ઝોન કચેરી વિરાટનગર, વસ્ત્રાલમાં હેલ્થ વિભાગ ત્રીજા માળે જઈ સંલગ્ન કર્મચારી પાસેથી નિયત ફોર્મ રૂા. ૧૦૦/- કિંમતનું મેળવી (સમય : બપોરે ૧૨.૦૦થી ૫.૦૦ દરમ્યાન) તે ભરી સાધનીક પુરાવા તથા BU પરમીશન અન્વયેનો બાંહેધરી પત્ર રૂા. ૧૦૦/-ના સ્ટેમ્પ ઉપર સોગંદનામું કરાવીને બીડવાનો રહેશે. ત્યારબાદ હેલ્થ ખાતા દ્વારા અરજીની ચકાસણી કરી હેલ્થ લાઈસન્સની કાર્યવાહી કરશે. હેલ્થ લાઈસન્સ રીન્યુઅલ માટે પણ તેઓશ્રીનો તુરંત સંપર્ક કરવો.

હેલ્થ લાઈસન્સ અરજી સાથે જોડવાના સાધનીક કાગળોની વિગત નીચે મુજબ છે.

**અગત્યનું :** BPMC હેલ્થ લાઈસન્સ મેળવવું ફરજીયાત છે. તાત્કાલીક મેળવી / રીન્યુ કરાવી મોબાઈલ કોર્ટ, ઝોન લેવલે વહીવટી ચાર્જ કરતાં સ્ક્વોડ તથા વોર્ડ લેવલે થતી ફરીયાદના કારણે થતા દંડ પેનલ્ટીની પરેશાનીથી મુક્ત થઈએ.

**★ જરૂરી સાધનીક કાગળો :**

(૧) અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની મ્યુનિસિપલ કોર્પોરેશન પ્રોપર્ટી ટેક્ષની પહોંચ
(૨) પ્રોફેશન ટેક્ષ પહોંચ તથા પ્રોફેશન ટેક્ષ સર્ટીફિકેટ.
(૩) ફેક્ટરી ઈમ્પેક્ટ લાઈસન્સની ઝેરોક્ષ.
(૪) GPCBની પરમીશન.
(૫) ભાગીદારી દસ્તાવેજ અથવા મેમોરેન્ડમ ઓફ આર્ટીકલ્સ.
(૬) B.U. પરમીશન અંગેનો બાંહેધરી પત્ર.

**• સંપર્ક અધિકારીશ્રી •**

**શ્રી સુરેશભાઈ મકવાણા**
પબ્લિક હેલ્થ ઓફિસર, રામોલ,
હાથીજણ વોર્ડ (પૂર્વઝોન),
રામોલ ગ્રામ પંચાયત ઓફિસ, રામોલ ગામ.
મો. 93759 69525

**શ્રી સુનીલકુમાર એ. ત્રિવેદી**
સેનેટરી ઈન્સ્પેક્ટર, રામોલ વોર્ડ.
મો. 97272 24746

**અરજી સાથે કરવાના બીડાણ :**
**(૧) બાંહેધરી પત્ર**
**(૨) લીસ્ટ મુજબના પુરાવા**

આભાર સહ,

આપનો વિશ્વાસુ,
**વટવા ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન વતી**

**સચીન કે. પટેલ**
**માનદ્ મંત્રી**

# બાંહેધરી પત્ર

હું નીચે સહી કરનાર શ્રી / શ્રીમતી ______________________________, ઉં.વ. ________

રહેઠાણ : ____________________________________________

____________________________________________ ખાતે રહું છું.

હું ____________________________________________ સ્થળે

____________________________________________ નો ધંધો કરૂં છું.

(૧) સદરહુ આઈટમોનું વેચાણ / સંગ્રહ / ઉત્પાદન માટે બી.પી.એમ.સી. એક્ટ / ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડસ એક્ટ, ૨૦૦૬ હેઠળ પરવાનો મેળવવા માટે અરજી કરેલ છે. જેના અનુસંધાને જણાવું છું કે મારી વાર્ષિક આવક રૂા. ________________ અંકે રૂપીયા ______________________________ ________________ છે. તેમાં ફેરફાર થતાં હું અ.મ્યુ.કો.નાં હેલ્થ વિભાગના લાઈસન્સીંગ / રજીસ્ટ્રેશન ઓથોરીટીને જાણ કરીશ.

(૨) સદર ધંધાના બાંધકામનું બી.યુ. પરમીશન રજૂ કરેલ નથી. આ લાઈસન્સ મેળવવાથી મારૂં બાંધકામ કાયદેસર ગણાશે નહીં અને આ બાંહેધરી પત્ર રજૂ કર્યેથી અ.મ્યુ.કો. કે સરકારશ્રીનાં નીતિ નિયમો અનુસાર જાહેરનામું બહાર પડ્યેથી નિયત સમય મર્યાદામાં બાંધકામ નિયમિત કરાવી લઈશું તેવી બાંહેધરી આપું છું.

(૩) હું અહીં દ્રઢપણે કબૂલ કરૂં છું અને જાહેર કરૂં છું કે અહીં મારા દ્વારા અપાયેલ તમામ માહિતી અને વિગતો મારા સાચા જ્ઞાન મુજબ સાચી અને સત્ય છે. હું વિશેષમાં જાહેર કરૂં છું કે મારા હયાત / મારા દ્વારા ચાલુ કરાયેલ ખાદ્યચીજના વ્યવસાયમાં ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડસ એક્ટ, રેગ્યુલેશન અને તે હેઠળના કાયદાનું અને ખાસ કરીને હાઈજીન અને સ્વચ્છતા અંગેની માર્ગદર્શિકા જે રજીસ્ટ્રેશન અને લાઈસન્સીંગ રેગ્યુલેશનના શીડ્યુલ-૪ માં દર્શાવેલ છે અને જે ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા દ્વારા જાહેર કરાયેલ છે અથવા જે કોઈ વ્યક્તિ કે જેને તેનાં માટે વખતોવખત અધિકૃત કરવામાં આવે તેનું પાલન કરવા / કરાવવામાં આવશે.

(૪) આ ઍફીડેવીટ ફક્ત બી.પી.એમ.સી. એક્ટ / ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડસ એક્ટ, ૨૦૦૬ હેઠળ પરવાનો મેળવવા માટે કરવામાં આવેલ છે. જે અન્ય કોઈ ખાતાનાં પગલાને બાધ આવશે નહીં. તેમજ તે અંગે અમે કોઈપણ વાદવિવાદ કે કોર્ટ લીટીગેશન કરીશું નહીં તેની હું ખાત્રી આપું છું.

**તા. :** **અરજદારની સહી**